



## ખેડૂતના મોઢે આવેલો કોળીયો છીનવાયો : સક્કરટેટી ખેડૂતોને કેવી રીતે બજાર સુધી પહોંચાડવી તે એક મોટો સવાલ બન્યા

કોરોના વાયરસને લઈ ખેડૂતો પણ મોટું નુકસાન વેઠી રહ્યા છે ક્યાંક ખાતર ન મળતા ખેડુતોને નુકશાન થઈ રહ્યું છે તો ક્યાંક મોઢે આવેલો કોળીયો છીનવાઈ રહ્યો છે ધાનેરા તાલુકાના થાવર ગામે એક ખેડૂતને મોટા પ્રમાણમાં શકરટેટીનું વાવેતર કર્યું હતું અને ખેડૂતને સારું ઉત્પાદન પણ મળ્યું હતું પરંતુ આ ઉત્પાદન ખેડૂતને કેવી રીતે બજાજ સુધી પહોંચાડવી તે એક મોટો સવાલ બન્યા છે. અત્યારે કોરોનાને સમગ્ર દેશ લોકડાઉન છે લોકોની અવરજવર પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ત્યારે ખેડૂતોનું ઉત્પાદન બજાર સુધી ન પહોંચતા ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે અત્યારે તો આ ખેડૂતને ત્યાં ખૂબ જ સારા પ્રમાણમાં સક્કરટેટીનું ઉત્પાદન થયું છે પણ સમયસર શક્કરટેટીના લેતા અત્યારે મોટા પ્રમાણ સક્કરટેટી બગડી રહી છે તો બીજી તરફ ખેડૂતો જણાવી રહ્યા છે આ વસ્તુ અમારે બજાર સુધી કેવી રીતે પહોંચાડવી તો હવે તમે પણ સાંભળો આ ખેડૂતોની વેદના અને શું કરી રહ્યા છો ખેડૂતો. ખેડૂતોને સક્કરટેટીના પાકમાં તો નુકસાન ભોગવ્યું પણ હવે ખેડૂતોએ પણ જણાવી રહ્યા છે કે અત્યારે સારા પ્રમાણમાં બાજરીનું વાવેતર કર્યું છે પરંતુ પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર ન મળતા બાજરીના પાકમાં પણ નુકશાન થવાની શંકા સેવાઈ રહી છે ત્યારે સરકાર ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે તે માટેની વ્યવસ્થા કરે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે એક બાજુ ખેડૂતના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે તો બીજી તરફ ખેડૂતોના ઉભા પાકને પણ નુકસાન થવાની આશંકા સેવાઈ રહી છે સમગ્ર બાબતને લઈ અત્યારે તો ખેડૂત ખૂબ જ મુશ્કેલીમાં મુકાયા છે ખેડૂત શકરટેટીનું ઉત્પાદન વેચવાના બદલે પોતાના પશુઓને ખવડાવી રહ્યા છે.

## લોકડાઉન લંબાવતા તાત્કાલિક સદભાવના ગ્રુપ દ્વારા દવાખાનાઓમાં ટીફીન સેવા શરુ કરાઈ

### લોકડાઉન ના કારણે દર્દીના સગા ટીફીન આપવા આવી શકતા નથી અને હોટલો બંધ હોવાના કારણે

કોરોના મહામારીના કારણે ઉદ્ભવેલ લોકડાઉનની પરીસ્થિતિ લંબાવવાના કારણે પાલનપુરના ખાનગી દવાખાનામાં દાખલ થઈ સારવાર



લઈ રહેલા દર્દીઓને તેમજ તેમની સાથે રહેનાર તેમના સગા-સબંધને જમવા માટે બે-ટાઈમ હેરાનગતિ થતી જોવા મળેલ.હોસ્પિટલમાં દર્દી દાખલ થતા તેના સગા કોઈ પાલનપુર રહેતા હોય તો ત્યાંથી ટીફીન આવતું હોય છે અથવાતો તે હોટલમાંથી ટીફન મંગાવીને જમી લેતા હોય છે.

પરંતુ હાલમાં લોકડાઉનની પરિસ્થિતિમાં ટીફીન લઈને આવવું એ એમના સગા સબંધીના ત્યાંથી મુશ્કેલ બન્યું છે.હોટલો પણ સદંતર બંધ હોવાના કારણે હોસ્પીટલમાં દાખલ થનાર દર્દી તેમજ તેના સાથે રહેનાર ને જમવામાં ખુબજ તકલીફ પડતી જોવા મળેલ.આજ રોજ તા ૧૪/૦૪/ ૨૦૨૦ થી સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા પાલનપુરની તમામ ખાનગી હોસ્પિટલોમાં સવારે ૯:૩૦ પહેલા અને સાંજે ૪:૦૦ વાગ્યાના પહેલા ૮૪૦ ૧૦ ૧૦૦ ૧૦ નંબર પર ફોન કરી દર્દી કઈ હોસ્પીટલમાં દાખલા છે એની વિગત આપતા સદભાવના ગ્રુપનો સ્વય-સેવક દ્વારા ટીફીન દર્દીના ખાટલા સુધી પહોચી જાય એવી વ્યવસ્થા કરવામ આવી છે.

## રાજકીય મોટી વગ ધરાવતા ટીડીઓ સામે કાર્યવાહી ન કરાતાં તલાટી મંડળ ખફા

### વડગામ ટીડીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવા બ.કા. તલાટી મંડળની રાજ્ય સરકારને રજૂઆત : તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહિ આવેતો એન્ડ્રોઇડ ફોન બંધ કરી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

વડગામ,

વડગામ ટીડીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવા માટે બ.કા.તલાટી મંડળ દ્વારા રાજ્ય સરકાર ને લેખિત રજૂઆત કરવામાં આવી છે. અને ટીડીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહિ આવેતો રાજ્ય ના તમામ તલાટીઓ એન્ડ્રોઈડ ફોન બંદ કરી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી સરકાર સમક્ષ ચીમકી ઉચ્ચારી છે.

વડગામ ટીડીઓ એ.એચ. પરમાર દ્વારા મહિલા કર્મચારી ઓને જાતીય અને માનસિક હેરાનગતિ કરાઈ રહી છે. જે ભોગ બનાર મહિલા તલાટી કમ મંત્રી દ્વારા વડગામ પોલીસ મથકે ફરિયાદ કરવા છતાં કોઈ જ કાર્યવાહી ન કરાતાં તલાટી મંત્રી મંડળ લાલઘુમ બન્યું છે અને ભોગ બનાર મહીલા તલાટી ને ન્યાય અપાવવા મેદાને ચડી ટીડીઓ ને ૩૦ એપ્રિલ સુધી સસ્પેન્ડ કરવા માંગ કરાઈ છે.તેમ છતાં સરકાર દ્વારા કોઈ પગલાં ન ભરાય તો એન્ડ્રોઈડ ફોન બંધ કરી દઈને સમગ્ર તલાટીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડશે તેવી સરકાર સમક્ષ ચિમકી ઉચ્ચારી છે .ટીડીઓ દ્વારા મહિલા તલાટીઓની હેરાનગતી સતામણી બાબતે સમગ્ર પુરાવા સાથે જિલ્લા વિકાસ અધિકારી ને રૂબરૂ મળીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી તેમજ ૩૦ માર્ચે વડગામ પોલીસ મથકે ટીડીઓ સામે ફરિયાદ પણ નોધાવી હતી. પણ હજુ સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. જ્યારે રક્ષક જ ભક્ષક બને અને ચોર કોટવાલ ને ડંડે એમ રાજકીય મજબુત વગ ધરાવતા ટીડીઓ સાત તલાટી વિરુધ્ધ એટ્રોસિટીની ફરિયાદ કરવા જણાવી અને મહિલા તલાટીઓ ને ફરિયાદ ની ધમકી આપી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. તલાટી મંડળ દ્વારા વડગામ ટીડીઓ ને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં ન આવે તો બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળ સાથે સમગ્ર ગુજરાત રાજ્ય તલાટી મહા મંડળ દ્વારા રાજ્ય સરકાર ના પંચાયત મંત્રી જયદ્રથસિંહ જી પરમાર અને રાજ્ય સરકારના મહિલા આયોગ,તેમજ પંચાયત સચિવ સુધી લેખિત રજૂઆત કરવામાં આવી છે.ટીડીઓને ૩૦ એપ્રિલ સુધી ફરજ મોકૂફ કરવામાં નહિ આવે તો સમગ્ર રાજ્ય ના તલાટીઓ એન્ડ્રોઈડ મોબાઈલ નો સામૂહિક બહિષ્કાર કરવાની અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.



## ભિલોડાના મલાસા ગામની બાળકીએ પુંઠાનું ઘર બનાવી ઘરમાં જ રહેવાનો સંદેશ પાઠવ્યો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મલાસા ગામની માસુમ બાળકીએ તેની આગવી સુઝબુઝથી પુંઠાનું ઘર બનાવી લૉકડાઉન દરમ્યાન ઘરમાં જ રહેવાનો સંદેશ સૌ-કોઈને પાઠવ્યો હતો. કોરોના વાયરસએ સમગ્ર વિશ્વભરમાં કાળો કરે વર્તાવ્યો છે. ઘરમાં રહીશું તો સુરક્ષિત રહીશું તેવો સંદેશ પાઠવ્યો હતો. મલાસા ગામના લાલસિંહ હિંમતસિંહ ચૌહાણના પુત્ર વિરભદ્રસિંહ ચૌહાણની પુત્રી કિર્તીરાજ ચૌહાણ ધોરણ.૨માં અભ્યાસ કરે છે. માસુમ બાળકીએ પોતાના ઘરે પુંઠાનું ઘર બનાવી સૌ-કોઈને ઘરમાં રહેશો, સુરક્ષિત રહેશો તેવો સંદેશ પાઠવ્યો હતો. દિકરીએ લૉકડાઉન દરમ્યાન અપીલ કરી હતી કે ઘરમાં રહો, સુરક્ષિત રહો, સલામત રહો, કોરોના વાયરસથી ડરવાની બિલકુલ જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી અત્યંત આવશ્યક છે. વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓને સહકાર આપવો એ આપણી સૌ-કોઈની નૈતિક ફરજ છે.



## ભિલોડાની વીરી ડુંગરી ઉપર ડુંગરાળ વિસ્તારમાં આગ ભભુકી

ભિલોડાની વીરી ડુંગરી ઉપર ડુંગરાળ વિસ્તારમાં અગમ્ય કારણોસર આગ ભભુકી ઉઠી હતી. ડુંગરાળ વિસ્તારમાં ભીષણ આગ ભભુકી ઉઠતાં ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી પ્રસરતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.વનરાજીને નુકસાન થઈ રહ્યું હોઈ ત્યારે વન્ય પ્રેમીઓ ચિંતિત છે. ડુંગરાળ વિસ્તારમાં સોળે કળાએ ખીલેલા જંગલમાં ઘટાટોપ વૃક્ષો ધરાવતા ડુંગરો પર અવાર નવાર ભીષણ આગ ભભુકી ઉઠતા વનરાજી, વન્ય પ્રાણીઓને નુકસાન થઈ રહ્યું છે. ભિલોડાના વીરી ડુંગરી ઉપર તેમજ આજુબાજુના જંગલ વિસ્તારમાં ભીષણ આગ ભભુકી ઉઠતાં વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી. જંગલ વિસ્તારમાં આગ લાગવાથી વિવિધ પ્રકારના ઝાડ, વિવિધ પ્રકારની વનસ્પતી, વિવિધ પ્રકારના વન્ય પ્રાણીઓ બળીને ખાખ થઈ ગયા હતા.

### લોકડાઉનના પોલીસ વ્યસ્ત દેશી દારૂનો વેપલો કરનાર

## બુટલેગરો મસ્ત : માલપુર પોલીસે ચોરીવાડ ગામે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી

### લોકડાઉનની સ્થિતિમાં પાન-મસાલા, બીડી-ગુટખા અને વિદેશી દારૂના રવાડે ચઢેલા વ્યસનીઓની હાલત દયનિય બની છે

બીજીબાજુ દેશી દારૂનો વેપલો કરનાર બુટલેગરોને તડકો બોલાઈ રહ્યો છે લોકડાઉનમાં અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય



વિસ્તારોમાં દેશી દારૂ ગાળતા બુટલેગરોએ રહેઠાણ સ્થળોએજ દારૂની ભઠ્ઠીઓ બનાવી દેશી દારૂના નશાનો કાળો કારોબાર ચાલવી રહ્યા છે .

માલપુર પોલીસે બાતમીના આધારે ચોરીવાડ ગામે કાંતિ ખાતુભાઈ મસાર ના ઘરે રેડ કરી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી તોડી પાડી ૨૬૦ લીટર દેશીદારૂના વોશનો નાશ કરી ભઠ્ઠી તોડી પડાઈ હતી બુટલેગર પોલીસરેડ જોઈ રફુચક્કર થઈ ગયો હતો માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

માલપુર પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉનની અમલવારી માટે સઘન પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોરીવાડ ગામે દેશીદારૂનું ધૂમ વેચાણ થતું હોવાની બાતમી મળતા માલપુર પોલીસે કાંતિ ખાતુભાઈ મસારના રહેણાંક મકાનમાં રેડ કરતા કાંતિ મસાર ફરાર થઈ જતા તેના ઘરેથી દેશી દારૂ લીટર-૪ કીં.રૂ.૮૦ તથા દેશી દારૂ ગાળવાનો વોશ ૨૬૦ લીટર કીં.રૂ.૫૨૦ અને દેશી દારૂ ગાળવાની સામગ્રી મળી કુલ ૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસરેડ જોઈ નાસી ગયેલા કાંતિ ખાતુભાઈ મસાર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ધનસુરા પોલીસ સ્ટેશનમાં સેનેટાઈઝીંગ સ્પ્રેયર મશીન ભેટમાં આપ્યું

ધનસુરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન જગદીશભાઈ. એસ. પટેલ એ કોરોના વાઈરસને લઈ ધનસુરા પોલીસ સ્ટેશનમાં સેનેટાઈઝીંગ સ્પ્રેયર મશીન ભેટમાં આપ્યું. આ મશીનને ધનસુરા પોલીસ સ્ટેશને લગાવવામાં આવ્યું છે. હાલમાં કોરોના વાઈરસને લઈ સાવધાનીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પોલીસ જવાનો હાલ કોરોનાને લઈ ખડેપગે રહે છે.ત્યારે ધનસુરા પોલીસ સ્ટેશનમાં પોલીસ જવાનોની સુરક્ષાને લઈ સેનેટાઈઝીંગ સ્પ્રેયર મશીન લગાવવામાં આવ્યું હતું. જેમાં ધનસુરાના પી. એસ. આઈ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જગદીશભાઈ પટેલ સહિત ધનસુરા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## પાલનપુર નગરપાલિકા દ્વારા સેનેટાઈઝર દવાનો છંટકાવ કરાયો

પાલનપુર, તા. ૧૫

નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ના સંક્રમણને ફેલાતો અટકાવવા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. બનાસકાંઠા કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોરના નેતૃત્વમાં પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો સહિત સોસાયટીઓમાં સેનિટાઈઝેશન કરવામાં આવ્યું છે. જિલ્લા માહિતી કચેરી પાલનપુર સહિતની તમામ કચેરીઓને પણ સેનિટાઈઝ કરાઈ છે.

ગઈકાલે કલેકટરની કચેરી, પોલીસ અધિક્ષકની કચેરી, મામલતદાર ઓફિસ સહિતની તમામ કચેરીઓને સેનિટાઈઝ કરાઈ હતી તેમ નગરપાલિકાના સેનિટરી સુપરવાઈઝરશ્રી નિકુંલભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે. પાલનપુર નગરપાલિકા દ્વારા આબુ હાઈવે સ્થિત આવેલી સોસાયટીમાં સેનેટાઈઝર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. તેમજ પાલનપુરના સ્થાનિક નગરસેવકો દ્વારા પાલનપુર આબુ હાઈવે સ્થિત આવેલ ન્યુ પાલનપુર વિસ્તારમાં આવેલી બાલાજી સિટી, સાકાર, તિરૂપતિ રાજનગર, રાજમહેલ સહીત જુદા-જુદા વિસ્તારમાં સેનેટાઈઝર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

## પ્રાંતિજના બાઈની મુવાડી ખાતે જાતિ વિરૂધ્ધ અપશબ્દો બોલી મારમારતા છ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બાઈની મુવાડી ખાતે દલિત યુવકને મારમારી જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલી બિભત્સ ગાળો બોલતા છ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટીની ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકા ના બાઈની મુવાડી ખાતે રહેતા અલ્પેશભાઈ ઈશ્વરભાઈ પરમાર ઉ.વર્ષ-૨૮ કે જેવો ને આ કામના આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી અનુસુચિત જાતિ નો હોવાનું જાણતા હોવા છતાં આ કામના આરોપી કુંપાલસિંહ કાળુસિંહ ઝાલા , પુથ્વીસિંહ ઝાલા , પ્રવિણસિંહ વિસુસિંહ ઝાલા તથા અન્ય એક આરોપીઓ દ્વારા ફરીયાદ અલ્પેશ ભાઈ ને કહ્યું કે સાલા ઢેઢા ચડ્ડો પહેરી ને નિકળેલ છે તેમ કહી જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલી મા-બહેન સામી બિભત્સ ગાળો બોલી આરોપી ૧થી૩ ના ઓએ ફરીયાદી અલ્પેશ ભાઈ ની ફેટ પકડી ગડદાપાટુ નો મારમારી નીચે પાડી દઈ હાથમાં પથ્થર લઈ માથામાં પથ્થર મારી ઈજા કરી આરોપી બલભદ્રસિંહ ઝાલા તથા





મનહરસિંહ વિસુસિંહ ઝાલા આવી આરોપીઓ એક થી ચાર ની ઉશ્કેરણી કરી જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પોતે અલ્પેશ ભાઈ પરમાર દ્વારા પોલિસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૪,(૨) તથા અનુસુચિત જાતિ , અનુસુચિતજનજાતિ (અત્યાર ચાર નિવારણ)અધિ.સુધારણા ૨૦૧૫ની કલમ ૩ (૧) (આર) (એસ) ૩ (૨) (૫-અ) તથા જી.પી. એકટ ક.૧૩૫ મુજબ ગુનોનોધી આગળ ની તપાસ નાયબ પોલીસ અધિક્ષક એસ.સી./ એસ.ટી સેલ હિંમતનગર દ્વારા તપાસ હાથ ધરવા મા આવી છે તો પ્રાંતિજ પીઆઈ એમ.ડી.ચંપાવત દ્વારા હાલતો ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામા આવ્યો છે.

## પ્રાંતિજના અમલાની મુવાડીના દિવ્યાંગ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૩૫૫૫ ચેક આપ્યો

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડીના દિવ્યાંગ દ્વારા મુખ્યમંત્રી



રાહત ફડમા ૩૫૫૫નો ચેક પ્રાંતિજ મામલતદારને અર્પણ કર્યો.

હાલ કોરો ના ને લઈને દેશ ભર માં મહામારી ફેલાઈ છે ત્યારે સરકાર દ્વારા પણ વિવિધ રીતે સાવચેતી સહિત લોકો ને રાહત ફંડ માં યથાશક્તિ ફંડ આપવા માટે દેશ ના નાગરિકોને અપીલ કરવામાં આવી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના અમલાની મુવાડી ખાતે રહેતા દિવ્યાંગ ઝાલા જશવંતસિંહ બાદરસિંહ કે જેવો પોતે બન્ને પગે વિકલાંગ હોવા છતાં અને તેવો ને કોઈ મોટી પોસ્ટ કે નોકરી કે પોતાને આવક નું સાધન પણ નથી પણ તેવોમા રહેલ દેશ ભાવના અને દેશ માટે કંઈક ફાળો યથા શક્તિ આપવા માટે પોતાના કુટુંબી ભાઈઓ સાથે પ્રાંતિજ તાલુકા સેવાસદન કચેરી ખાતે પ્રાંતિજ મામલતદાર એ.પી.ભગોરા ને મુખ્ય મંત્રી રાહત ફંડમાં પોતાની યથા શક્તિ પ્રમાણે ૩૫૫૫નો એક અર્પણ કર્યો હતો તો ધન્ય છે આ જશવંતસિંહ ઝાલા ને કે પોતે બન્ને પગે વિકલાંગ હોવા છતાં અને પોતાને પૈસા ની જરૂર હોવા છતાં મુખ્યમંત્રી રાહત ફંડમાં ચેક અર્પણ કરી તેમનામાં રહેલ દેશ ભક્તિ અને દેશ માટે ની ભાવના વ્યક્ત કરી છે તેવોને લાખ લાખ સલામ.

તો પ્રાંતિજખાતે અગાઉ પણ પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે પ્રાંતિજ એગ્રો એસોસિયેશન દ્વારા પણ મુખ્ય મંત્રી રાહત ફંડમાં ૨૧૦૦૦ નો ચેક મુખ્ય મંત્રી રાહત ફંડમાં આપવામાં આવ્યો હતો ત્યારે અન્ય એક રીટાયર્ડ મામલતદાર વસંતલાલ મીઠાલાલ દ્વારા પણ ૫૦૦૦ ચેક મુખ્ય મંત્રી રાહત ફંડમાં આપવામાં આવ્યો છે તો આ પ્રસંગે પ્રાંતિજ મામલતદાર એચ પી ભગોરા તથા પ્રાંતિજ નાયબ મામલતદાર અશોકભાઈ નાયક તથા તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.